Friday
22.09.2023
✳Volume :8 ✳ Issue No.58
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રી ૨૩મી સપ્ટેમ્બરે વારાણસીની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કરશે

લગભગ રૂ. ૧૧૧૫ કરોડના ખર્ચે સમગ્ર ઉત્તર પ્રદેશમાં બનેલા ૧૬ અટલ આવાસ વિદ્યાલયનું પીએમ ઉદ્‌ઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ વારાણસીની મુલાકાત લેશે. બપોરે લગભગ ૧:૩૦વાગ્યે, પ્રધાનમંત્રી વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કરશે. બપોરે લગભગ ૩:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી રુદ્રાક્ષ આંતરરાષ્ટ્રીય સહકાર અને સંમેલન કેન્દ્ર પહોંચશે અને કાશી સંસદ સાંસ્કૃતિક મહોત્સવ ૨૦૨૩ના સમાપન સમારોહમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન તેઓ સમગ્ર ઉત્તર પ્રદેશમાં બનેલા ૧૬ અટલ આવાસ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન પણ કરશે.

વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ આધુનિક વિશ્વસ્તરીય રમતગમતના માળખાને વિકસાવવાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવાની દિશામાં એક પગલું હશે. ગંજરી, રાજતલબ, વારાણસીમાં બનાવવામાં આવનાર આધુનિક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ આશરે ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦ એકરથી વધુ વિસ્તારમાં વિકસાવવામાં આવશે. આ સ્ટેડિયમ ભગવાન શિવ પરથી પ્રેરણા લઈને તેની થીમ આધારિત આર્કિટેક્ચર છે, જેમાં અર્ધચંદ્રાકાર આકારના છત કવર, ત્રિશૂળ આકારની ફ્લડ-લાઈટ, ઘાટ સ્ટેપ્સ આધારિત બેઠક, રવેશ પર બિલવીપત્ર આકારની ધાતુની ચાદર માટે ડિઝાઈન વિકસાવવામાં આવી છે. સ્ટેડિયમની ક્ષમતા ૩૦,૦૦૦ દર્શકોની હશે. ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચને વધુ વધારવાના ઉદ્દેશ્ય સાથે, લગભગ રૂ. ૧૧૧૫ કરોડના ખર્ચે બનેલા સમગ્ર ઉત્તર પ્રદેશમાં સોળ અટલ આવાસીય વિદ્યાલય, કોવિડ-૧૯ રોગચાળાને કારણે ખાસ કરીને મજૂરો, બાંધકામ કામદારો અને અનાથ બાળકો માટે શરૂ કરવામાં આવ્યા છે. જેનો હેતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો અને બાળકોના સર્વાંગી વિકાસમાં મદદ કરવાનો છે. દરેક શાળા ૧૦-૧૫ એકર વિસ્તારમાં વર્ગખંડો, રમતગમતનું મેદાન, મનોરંજનના વિસ્તારો, એક મીની ઓડિટોરિયમ, હોસ્ટેલ સંકુલ, મેસ અને સ્ટાફ માટે રહેણાંક ફ્લેટ્સ સાથે બાંધવામાં આવી છે. આ દરેક રેસિડેન્શિયલ સ્કૂલોમાં અંતે ૧૦૦૦ વિદ્યાર્થીઓને સમાવવા આવશે. કાશીની સાંસ્કૃતિક ગતિશીલતાને મજબૂત કરવાના પ્રધાનમંત્રીના વિઝનને કારણે કાશી સંસદ સાંસ્કૃતિક મહોત્સવની કલ્પના કરવામાં આવી છે. આ મહોત્સવમાં ૧૭ શાખાઓમાં ૩૭,૦૦૦ થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો, જેમણે ગાયન, વાદ્ય વગાડવું, નુક્કડ નાટક, નૃત્ય વગેરેમાં તેમનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. પ્રતિભાશાળી પ્રતિભાગીઓને રુદ્રાક્ષ ઈન્ટરનેશનલ કોઓપરેશન અને સંમેલન કેન્દ્ર ખાતેના કાર્યક્રમ દરમિયાન તેમની સાંસ્કૃતિક કૌશલ્ય દર્શાવવાની તક મળશે.

રાષ્ટ્રની સંસદીય યાત્રામાં આ એક સોનેરી ક્ષણ છે"

પ્રધાનમંત્રીએ લોકસભામાં બંધારણ (એકસો અને અઠ્ઠાવીસમો સુધારો) બિલ, ૨૦૨૩ સંબંધિત સમર્થન અને અર્થપૂર્ણ ચર્ચા માટે તમામ સભ્યો, પક્ષો અને તેમના નેતાઓનો આભાર માન્યો

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહના નેતાએ આજે લોકસભામાં બંધારણ (એકસો અને અઠ્ઠાવીસમો સુધારો) બિલ, ૨૦૨૩ અંગેના સમર્થન અને અર્થપૂર્ણ ચર્ચા માટે તમામ રાજકીય પક્ષોનો આભાર માન્યો છે. નવા સંસદ બિલ્ડીંગમાં કારોબારની પ્રથમ મુખ્ય બાબત, બિલ પર ગઈકાલે લોકસભામાં ચર્ચા થઈ હતી અને પસાર થઈ હતી. આજે કાર્યવાહી શરૂ થતાં જ પ્રધાનમંત્રી ઉભા થયા અને ગઈકાલે 'ભારતની સંસદીય યાત્રાની સુવર્ણ ક્ષણ'નો ઉલ્લેખ કર્યો અને તમામ પક્ષોના તમામ સભ્યો અને તેમના નેતાઓને આ સિદ્ધિ માટે શ્રેય આપ્યો.

તેમણે કહ્યું કે ગઈકાલનો નિર્ણય અને રાજયસભામાં આવનારી પરાકાષ્ઠા માતૃશક્તિનો મૂડ બદલી નાખશે અને તે જે આત્મવિશ્વાસ પેદા કરશે તે દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે અકલ્પનીય શક્તિ તરીકે ઉભરી આવશે. "આ પવિત્ર કાર્યને પૂર્ણ કરવા માટે, હું, ગૃહના નેતા તરીકે, તમારા યોગદાન, સમર્થન અને અર્થપૂર્ણ ચર્ચા માટે મારા હૃદયના તળિયેથી સ્વીકારવા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા ઉભો છું", એમ કહી પ્રધાનમંત્રીએ સમાપન કર્યું.

મંત્રીશ્રી કુંવરજીભાઈના હસ્તે જસદણના ત્રણ ગામમાં રૂ. ૭.૭૦ કરોડના રોડના કામોના ખાતમુહૂર્ત

જીવાપર, કાનપરમાં નાગરિકોની સુવિધા માટે સી.સી.રોડ-સુવિધા પથ બનશે

કમલમ્ ન્યુઝ,રાજકોટ
વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૭૩મા જન્મ દિવસની ઉજવણી નિમિત્તે રાજ્યમાં નાગરિકોને વિવિધ વિકાસકાર્યોની ભેટ અપાઈ રહી છે, ત્યારે જળસંપત્તિ તથા પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જસદણના ત્રણ ગામમાં રૂપિયા ૭.૭૦ કરોડના રોડના કામોના ખાતમુહૂર્ત કર્યા હતા. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના વરદ હસ્તે ૧૮મી સપ્ટેમ્બરે સાંજે જસદણ તાલુકાના જસદણ-ગોખલાણા રોડને પહોળો બનાવવાના કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ગ્રામસડક યોજનામાં સમાવિષ્ટ આ ૧૦.૧૦૦ કિલોમીટર લાંબા રોડનું કાર્ય રૂપિયા ૬.૮૦ કરોડના ખર્ચે થનાર છે. આ રોડ પર સાત નાલા પણ આવે છે, ત્યારે આ રોડનું કાર્ય સંપન્ન થવાથી નાગરિકોને વધુ એક પાક્કી સડકની સુવિધા ઉપલબ્ધ થશે. મંત્રીશ્રી કુંવરજીભાઈના હસ્તે ૧૯મી સપ્ટેમ્બરે જસદણ તાલુકામાં રૂપિયા ૫૦ લાખના ખર્ચે નિર્મિત થનારા કાનપર ગામે સી.સી. રોડ સુવિધાપથનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે જીવાપર ગામમાં રૂપિયા ૪૦ લાખના ખર્ચે બનનારા સી.સી. રોડ-સુવિધાપથનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ લોકોને સંબોધતા સમગ્ર વિસ્તારમાં જનસેવાર્થે સરકારની કટિબદ્ધતા અને છેવાડાના નાગરિકોના વિકાસ માટેની સરકારની ખેવના, તથા સતત ચિંતિત અને સક્રિય હોવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ખાતમુહૂર્તના આ પ્રસંગે જસદણ તાલુકાના અગ્રણીશ્રી ભાવેશભાઈ વેકરીયા, માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી સંદીપ મહાલા, જસદણના માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એસ. આર. ઝાલા, ગ્રામ પંચાયતના સરપંચ તથા પદાધિકારીઓ, તાલુકાના સામાજિક-ધાર્મિક અગ્રણીઓ, સરકારી અધિકારીઓ, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાના બોર્ડર વિલેજની મુલાકાતે રાજયના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ

નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ બારખાંધ્યા ગામની જાત મુલાકાત લઈ ગામના વિકાસકીય કામોની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,
રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વઘઈ તાલુકાના બોર્ડર વિલેજમા સમાવિષ્ટ બારખાંધ્યા ગામની જાત મુલાકાત લઈ, વિકાસકીય કામોની સમીક્ષા કરી હતી. સમગ્ર ગામની ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતિ સમજી મંત્રીશ્રીએ વિકાસકીય કામો પૂર્ણ કરવા જણાવ્યું હતુ. બારખાંધ્યા ગામની જાત મુલાકાત દરમ્યાન ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની સરહદમાં સમાવિષ્ટ બોર્ડર વિલેજનો વિકાસ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. જેનાથી અન્ય દેશ/રાજ્યમા લોકો હીજરત કરતા અટકી શકે. સાથે જ રાજયની બોર્ડરમા સમાવિષ્ટ ગામડાઓનો વિકાસ થાય, લોકોને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે સંકલ્પ નિર્ધારિત કરવાનો છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડાંગ જિલ્લા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી જિલ્લાને અંધારાપટમાંથી મુક્ત કરાવ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત ડાંગ જિલ્લાથી કરી હતી. તેમજ હાલમાં જ ડાંગ જિલ્લાને મેડિકલ કોલેજની ભેટ આપવામાં આવી છે. જેનાથી બાળકો આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે આગળ વધી શકશે. વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, ગુજરાત સરકાર બોર્ડર વિલેજના ગામડાઓને છેલ્લે નહીપણ પ્રથમ ગામ ગણી રાજય સરકારના મંત્રીશ્રીઓ ગામડાઓની મુલાકાત કરીરહ્યા છે.

મંત્રીશ્રીઓ ગામની મુલાકાત કરીતેને વિકસિત કઈ રીતે કરી શકાય તે માટે ચિંતન કરે છે. ડબલએન્જીન સરકાર હમેંશા લોકો માટે કાર્યરત છે.

ડાંગ જિલ્લો આગવી હરોળમા આવે તે માટે સરકાર સતત કાર્યશીલ છે. ડાંગ જિલ્લામાં પાણીની સુવિધાઓ પુરી પાડવા માટે મહાકાયડેમો નહીપણ, નાના ડેમો બનાવી સરકાર પાણીનો પ્રશ્ન દૂર કરશે, તેમજ મહાકાય ડેમો થી વિસ્થાપિત થવાનો ભય રાખવો નહીં તેમ ગ્રામજનોને સુનિશ્ચિત કરાવ્યુ હતું. ડાંગ જિલ્લા જિલ્લા પંચાયત માજી પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે જણાવ્યું હતું કે, બોર્ડર વિલેજમા સમાવિષ્ટ બારખાંધ્યા ગામ તમામ ક્ષેત્રે વિકસીત ગામ છે. શિક્ષણ, પશુપાલન શ્રેત્રે આ ગામ ખુબ જ પ્રગતીધરાવે છે.

આ ગામને આગળ લઈ જવા માટે સરકાર સતત કટ્ટીબધ્ધ છે. નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ બારખાંધ્યા ગામની જાત મુલાકાત કરી ગામના વિકાસકીય કામોની સમિક્ષા કરી હતી. મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ના બોર્ડર વિલેજના આવાસ યોજનાના લાભાર્થીઓના ધરે ધરે જઈ તેઓને ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

સાથે જ મંત્રીશ્રીએ ગામની પંચાયત કચેરી, વીર શહીદોના નામ સાથેની શિલાફલકમની મુલાકાત, આંગણવાડી અને ડેરીની મુલાકાત લીધી હતી. મહિલાઓ ડેરી ઉધ્યોગથી વધુ આવક મેળવે તે માટે દુધાળા પશુઓની જોગવાઇ કરવા માટે મંત્રીશ્રીએ સુચન કર્યું હતુ. મંત્રીશ્રીની આ મુલાકાત પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, જિલ્લા સદસ્ય શ્રીમતી સવિતાબેન, વઘઈ તાલુકા પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, ભાજપ પાર્ટી પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, મહામંત્રી શ્રી દિનેશભાઈ ભોયે, સ્થાનિક પદાધિકારો સહિત ડાંગ જિલ્લાના વહિવટી વડા તેમજ કલેક્ટર શ્રી મહેશ પટેલ, પ્રાંત અધિકારીશ્રી ચૌધરી, વઘઈ તાલુકા મામલતદારશ્રી એમ.આર.ચૌધરી ઉપરાંત વહિવટી તંત્રના તમામ વિભાગના અધિકારીઓશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજ તાલુકાના ઓરણા ખાતે શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને 'આયુષ્માન ભવ:' કાર્યક્રમ યોજાયો

રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ જાતિ, જ્ઞાતિ કે પ્રાંતથી પર રહી માત્ર દેશના નાગરિકોની સુખાકારી અને જનહિતને કેન્દ્રમાં રાખે છેઃ શિક્ષણ રાજ્યમંત્રી

શિક્ષણમંત્રીના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને યોજનાકીય લાભો, આયુષ્માન આયુષ્માન કાર્ડ એનાયત કરાયા

કમલમ્ ન્યુઝ,
સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઓરણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની અધ્યક્ષતામાં 'આયુષ્માન ભવઃ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભો, આયુષ્માન ભારત યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ મંત્રીશ્રીના હસ્તે એનાયત કરાયા હતા, તેમજ લાભાર્થીઓ સહિત ગ્રામજનોના મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને તમામ આરોગ્ય યોજનાઓથી અવગત કરવા અને આ યોજનાઓની માહિતી તેમજ મળવાપાત્ર લાભો તેમના સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં આયુષ્માન ભવઃ અભિયાન અંતર્ગત તા.૦૨ જી ઓકટોબર સુધી સેવા પખવાડિયાની ઉજવણી કરવામાંઆવી રહીછે. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે દેશમાં સામાજિક અને જનસુખાકારીના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં દરેક ગામોમાં PHC /CHC સેન્ટરો પર આરોગ્ય કેમ્પો અને આરોગ્ય વિષયક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમણે સિકલસેલ એનિમીયાને જડમૂળમાંથી નાબૂદ કરવા તેમજ એકપણ ટી.બી.નો દર્દી ન રહે માટે સરકાર ખૂબ કાળજી લઈ રહી છે એમ જણાવી રૂ.૧૦ લાખનું આરોગ્ય કવચ પૂરું પાડતી આયુષ્માન ભારત યોજના અંગે સમજ આપી આ યોજનાનો બહોળો લાભ લેવા અનુરોધ કર્યો હતો. રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ જાતિ, જ્ઞાતિ કે પ્રાંતથી પર રહી માત્ર ભારતીય નાગરિકોની સુખાકારી અને જનહિતને કેન્દ્રમાં રાખે છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, કામરેજ તાલુકામાં ઓરણા ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રની સઘન આરોગ્ય કામગીરી સહિત આયુષ્માન યોજનાના લાભો આપવાના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે કામરેજ તાલુકા પંચાયતના પ્રમુખ રેખાબેન પટેલ, ઉપપ્રમુખ હર્ષદભાઈ, કારોબારી અધ્યક્ષ તેજલબેન, સરપંચ ઝીણીબેન, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, કામરેજ ટી.એચ.ઓ ડો.શાંતા કુમારી, સિનિયર મેડિકલ ઓફિસર સુધીર સિંહા અને આયુષ્માન કાર્ડના લાભાર્થીઓ, મેડિકલ સ્ટાફ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ગુજરાતની પ્રગતિમાં પાયારૂપ એવા પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન મળે તેમાટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના તરણેતર ખાતે પશુપ્રદર્શન હરિફાઈ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ૧૮ સપ્ટેમ્બર (ભાદરવા સુદ ત્રીજ) થી ૨૦ સપ્ટેમ્બર (ભાદરવા સુદ પાંચમ) દરમિયાન પશુ પ્રદર્શન હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેનો આજે અંતિમ દિવસ છે. આ વર્ષે ગીર ગાય વર્ગમાં ૫૯, કાંકરેજ ગાયમાં ૩૯, જાફરાબાદી ભેંસમાં ૩૮ અને બન્ની ભેંસમાં ૩૨ પશુઓની નોંધણી થયા બાદ આ પશુ પ્રદર્શન હરિફાઈમાં પશુઓ વચ્ચે હરિફાઈ થઈ હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮માં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આરંભાયેલી આ પશુપ્રદર્શન હરિફાઈ વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને દિશાનિર્દેશ હેઠળ યોજાઈ છે. ૨૦૦૮થી યોજાતી આ હરિફાઈનો હેતુ શુદ્ધ દેશી ઓલાદના ઉચ્ચ લક્ષણો ધરાવતા પશુઓ - ગીર, કાંકરેજ ગાય, જાફરાબાદી, બન્ની ભેંસના ઉછેરને પ્રોત્સાહન આપવાનો છે. આ હરિફાઈમાં દરેક વર્ગની દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય એમ કુલ ૩૬ ઈનામો આપવામાં આવે છે. સર્વ શ્રેષ્ઠ પશુને "ચેમ્પિયન ઓફ ધ શો" તરીકે રૂ. ૫૧ હજારનું ઈનામ આપવામાં આવે છે. આ હરિફાઈમાં ગાય અને ભેંસ એમ બંને વર્ગની ઓલાદમાં ત્રણ-ત્રણ કેટેગરીમાં ઈમાન આપવામાં આવે છે. ગાયમાં વાછડી, ગાય અને સાંઢ, જ્યારે ભેંસમાં ભેંસ, જોટું (ખડેલી) અને પાડો એમ ત્રણ શ્રેણીમાં ઈનામ આપવામાં આવે છે. જો અન્ય કેટેગરીના ઈનામની વાત કરીએ તો, દરેક વર્ગની કેટેગરીમાં પ્રથમ ઈનામ પેટે રૂ. ૨૫ હજાર, દ્વિતિય ઈનામ પેટે રૂ. ૨૦ હજાર અને તૃત્તિય ઈનામ પેટે રૂ. ૧૫ હજારની રકમ ચૂકવવામાં આવે છે. મહત્વની બાબત એ છે કે, હરિફાઈમાં ભાગ લેતા દરેક પશુઓને આશ્વાસન ઈનામ તરીકે રૂ. ૨ હજાર ચૂકવવામાં આવે છે. આ હરિફાઈના આયોજનનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા પશુપાલન નિયામક શ્રી ડૉ. ફાલ્ગુની ઠાકર કહે છે કે, દેશી ઓલાદની જાતોને પ્રોત્સાહિત કરવામાં આ પ્રકારની પશુપ્રદર્શન હરિફાઈ આશિર્વાદરૂપ બની રહે છે.

વડોદરાના ચાણોદ અને કરનાળીમાં જનજીવન સામાન્ય

વડોદરા જિલ્લાના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારો ચાણોદ અને કરનાળીમાં વહીવટી તંત્રની ઝૂંબેશથી લોકોને હાશકારો

કમલમ્ ન્યુઝ,
વડોદરા જિલ્લામાં નર્મદા અને મહી નદીના પૂરના કારણે પ્રભાવિત થયેલા વિસ્તારોમાં જનજીવન ધીમે ધીમે થાળે પડી રહ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂરજોશમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત કામગીરી ચલાવવામાં આવી રહી છે. કુદરતી વિપદામાં જિલ્લા પ્રશાસન સંવેદનશીલતાથી પૂર અસરગ્રસ્તોની પડખે ઉભું છે. ડભોઈ તાલુકાના સૌથી વધુ અસરગ્રસ્ત ચાણોદ અને કરનાળી ગામની આજ બપોરની સ્થિતિની વાત કરીએ તો, અહીં એકાદ સ્થળ છોડીને બધી જ જગ્યાએ સાફ-સફાઈ થઈ ગઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા પાણીનું ક્લોરિનેશન, ટી. સી. એલ. પાવડરનો છંટકાવ પણ થઈ ચૂક્યો હતો. વીજ વિભાગના કર્મચારીઓની ફૌજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફરતી જોવા મળી હતી અને વીજ પુરવઠો પણ પૂર્વવત થઈ ચૂક્યો હતો. તો ચાંદોદ ગામમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગઠિત સર્વે ટીમ નુકસાનીનો સર્વે કરી રહી હતી. કરનાળીમાં પણ જનજીવન સામાન્ય થઈ ગયું છે. શ્રદ્ધાળુઓ પણ અહીં નિર્ભય રીતે જોવા મળ્યા હતા. ચાણોદ અને

પૂરના પાણી ઓસરતા ચાંદોદ અને કરનાળીમાં સફાઈ કામદારો અને આરોગ્ય-વીજ કર્મીઓની ફૌજ ઉતરી

કરનાળીમાં રોગચાળો અટકાવવા માટે મેડિકલ અને પેરામેડિકલનો સ્ટાફ સતત ખડે પગે છે. ક્લોરિન ગોળી તેમજ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મેડિકલ કેમ્પ દ્વારા તપાસ કરી પણ દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. અસરગ્રસ્તોને જ્યારે પૂરના પાણી ઓસર્યા બાદ જિલ્લા વહીવટી તંત્રની કામગીરી વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ કહ્યું કે, પૂરના પાણી ઓસરતા જ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ગણતરીના કલાકોમાં સફાઈ ઝૂંબેશ, આરોગ્યની દરકાર, વીજ અને પાણી પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. ચાંદોદના કરણસિંહ નામના સ્થાનિકે તો ત્યાં સુધી કહ્યું કે, આટલું ઝડપથી કામ તો ખાનગી ધોરણે પણ ના થાય. સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની સુચારુ વ્યવસ્થાની તેમણે પ્રશંસા કરી હતી.

બોટાદ જિલ્લાને કચરા મુકત બનાવવા જિલ્લાના વિવિધ ગામોમાં જાહેર સ્થળોની સાફ-સફાઈ, નદી કિનારાઓની સફાઈ સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરાયાં

કમલમ્ ન્યુઝ,
મહાત્મા ગાંધી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજ્યમાં તા.૧૫ સપ્ટેમ્બરથી ૧૫ઓક્ટોબર-૨૦૨૩ સુધી ચાલનારા "સ્વચ્છતા હી સેવા" ના અભિયાનને સાર્થક કરવાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાણીયાના માર્ગદર્શન અને અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીના રાહબરી હેઠળ કચરા મુક્ત બોટાદ જિલ્લાની થીમ અન્વયે બોટાદ જિલ્લાના વિવિધ ગામોમાં જાહેર સ્થળોની સાફ-સફાઈ, નદી કિનારાઓની જગ્યાની સફાઈ સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરાયાં છે. "કચરા મુકત ભારત" ના થીમ સાથે ચાલનારા અભિયાનમાં સળંગ એક મહિના દરમ્યાન દરરોજ અનેક સ્વચ્છતા પ્રવૃતિઓ હાથ ધરાશે. આ કેમ્પેઈન અંતર્ગત જાહેર સ્થળોની સાફ-સફાઈ કરવી, સરકારી સંપતિઓના સમારકામ, સફાઈકામ, ભીંતચિત્રો દોરવા, નદી કિનારાઓની જગ્યાની સફાઈ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો નહીવત ઉપયોગ અંગે ગ્રામસભામાં ઠરાવ સહિતની કાર્યવાહી કરવામાં આવશે. બોટાદ જિલ્લા (ગ્રામીણ)માં શાળાક-કોલેજો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ગ્રામપંચાયતો, જાહેર/ધાર્મિક સ્થળો તથા જિલ્લાના તમામ મહત્વના રસ્તાઓ પર સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. સ્વચ્છતા યાત્રાને પ્રોત્સાહન આપવા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાશે. આ કેમ્પેઈનનો ઉદ્દેશ્ય કચરા મુક્ત બોટાદ જીલ્લો બનાવવાનો છે. તેમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી, બોટાદ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

ભાવનગરના ગ્રામ્ય પંથકમાં પોષણ માહ ૨૦૨૩ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

કમલમ્ ન્યુઝ,
ભાવનગર ગ્રામ્ય જિલ્લાના વલ્લભીપુર ઘટક ખાતે સેજા કાળા તળાવ આંગણવાડી ચમારડી ૩ ખાતે પોષણ માહ ૨૦૨૩ અંતર્ગત "સ્વસ્થ બાળક સ્પર્ધા" થીમ હેઠળ તમામ બાલક બાલિકાની આરોગ્ય તપાસ કરાવવી તેમજ તમામ બાળકોનું વજન અને ઊંચાઈ કરી એક થી ત્રણ નંબર આપી બાળકોને પ્રોત્સાહિત કરેલ તેમજ પોષણની શપથ ગ્રહણ કરાવવામાં આવી હતી.

દર મહિનાના પ્રથમ મંગળવારે "સુપોષણ સંવાદ" ની ઉજવણી હેઠળ ભાવનગર ખાતે માલણકા આંગણવાડી કેન્દ્રમાં સગર્ભા બહેનની શ્રીમંત વિધિ તથા લાભાર્થીઓને પોષણ અંગે ખાસ ધ્યાનમાં રાખવાની કાળજી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ આંગણવાડીનાં ભુલકાઓ સાથે જન્માષ્ટમી નિમિતે કૃષ્ણજન્મની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વધુમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી, ભાવનગરની અધ્યક્ષતામાં દરેક લાભાર્થીઓ અને વાલીઓ સાથે પોષણ માસ અંતર્ગત શપથ લેવામાં આવેલ હતી. આ ઉપરાંત શિહોર ઘટક ખાતે સેજા ઉસરના આંગણવાડી મોટા સુરકા ૧-૨ ખાતે પોષણ માહ ૨૦૨૩ અંતર્ગત ટી.એચ.આર.ના ઉપયોગ વિષે સમજ આપેલ તેમજ સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓ તથા ગામના વડિલો સાથે મિટિંગ કરેલ હતી તેમજ પોષણ માહ વિષે સમજ આપેલ તેમજ બાળકોને ન્યુટ્રિગાર્ડનમાં લઈ જઈ શાકભાજી ઓળખ કરી તેમના વિષે બાળકોને માહિતગાર કરેલ હતા. ભાવનગર ગ્રામ્ય જિલ્લાના વલ્લભીપુર ઘટક ખાતે પોષણ માહ ૨૦૨૩ અંતર્ગત તમામ ગામના આગેવાન સાથે મળી પોષણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પેટલાદ ખાતે સબરજીસ્ટ્રાર કચેરી તથા ઈ-ધરા કેન્દ્રનું લોકાર્પણ કરાયું

કમલમ્ ન્યુઝ,આણંદ,
પેટલાદ તાલુકા સેવા સદનના કેમ્પસમાં અંદાજીત રૂપિયા ૧૦ લાખના લોકફાળાથી નિર્માણ પામેલ અત્યાધુનિક સબરજીસ્ટ્રાર કચેરી તથા ઈ-ધરા કેન્દ્રનું ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવીન સબરજીસ્ટ્રાર કચેરી અને ઈ-ધરા કેન્દ્રનો લાભ તાલુકાના રોજના સરેરાશ ૧૦૦ થી વધુ નાગરિકોને મળી રહેશે. જેમાં ઈ-ધરા શાખાના ઓપરેટર-૧, ક્લાર્ક, નાયબ મામલતદાર અને સબરજીસ્ટ્રાર પેટલાદ, ક્લાર્ક અને ઓપરેટર સહિત કુલ ૧૨ અધિકારી-કર્મચારીઓનો સ્ટાફ ફરજ બજાવશે. આ ઈ-ધરા કેન્દ્ર અને સબરજીસ્ટ્રાર કચેરી ખાતે નાગરીકોને ઝડપી સેવા આપવાના હેતુથી ૧૦ કોમ્પ્યુટર-વિન્ડોની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. આ કચેરી કક્ષામાં નાગરીકોના બેસવા માટે ૨૫ બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ લોકાર્પણ પ્રસંગે પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, સોજિત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.એસ.દેસાઈ, પેટલાદના પ્રાંત અધિકારીશ્રી પ્રજ્ઞેશ જાની, પેટલાદ ન.પા. પ્રમુખશ્રી જીજ્ઞેશ જોષી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત અગ્રણી સર્વશ્રી રાજેશ પટેલ, પ્રદિપભાઈ અને અધિકારી-કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

વડોદરા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત પ્રવૃતિઓ યોજાઈ

કમલમ્ ન્યુઝ,વડોદરા,
વડોદરા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાનને ધ્યાને રાખી વિવિધ તાલુકાઓના ગામોમાં સામુહિક અસકયામતો માટે જન જાગૃતિ તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ સહિત જન જાગૃતિ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. વડોદરાના વિવિધ ૮ તાલુકાઓ જેમાં ડેસર, સાવલી, પાદરા, વાઘોડિયા, શિનોર, ડભોઈ, કરજણ તેમજ વડોદરા તાલુકાના કુલ ૧૬ ગામોમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં ડેસર તાલુકાના સાંઢાસલ અને તુલસીપુરાના કુલ ૮૫, સાવલી તાલુકાના પોઈચા અને જવલા ગામમાંથી ૧૨૪,પાદરા ના નરસિંહ પુરા અને મજાતણ ગામમાંથી ૧૩૫, વાઘોડિયા ના અલ્વા અને વ્યારા ગામમાંથી ૧૭૦, શિનોરના વનિયાદ અને મંજરોલ ગામમાંથી ૨૫૭, ડભોઈ ના ચાણોદ અને અકોટી ગામમાં ૮૫, કરજણના સરીંગ અને પચીયા પુરા ગામના ૨૪૦ તેમજ વડોદરા તાલુકાના રતન પુર અને કોટના ગામના ૩૫૫ જેટલા લોકોએ ભાગ લઈને સ્વચ્છતા હી સેવા કાર્યક્રમને વધાવી લીધો હતો. આ અભિયાન અંતર્ગત દરેક ગામમાંથી મોટી સંખ્યામાં સ્થાનિકોએ ભાગ લઈને સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવવા પહેલ કરી ભાગ લીધો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત કાર્યક્રમનું આયોજન

આંગણવાડી ઘટક ૪ ના ઇન્દ્રપુરી વોર્ડમાં પ્રકાશનગર આંગણવાડીમાં ૩૦ જેટલા બાળકોને દફતર તથા ફળોનું વિતરણ

આંગણવાડીની લાભાર્થી કિશોરીઓની આરોગ્ય તપાસ તથા હીમોગ્લોબીનની તપાસ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,
પોષણ માસના 'પઢાઈ ભી, પોષણ ભી' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત ઘટક ૪ ના ઈન્દ્રપુરી વોર્ડમાં પ્રકાશનગર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્દ્રપુરી વોર્ડની પ્રકાશનગર આંગણવાડીના ૩૦ જેટલા બાળકોને દફતર તથા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગના જુદા જુદા ઘટક અંતર્ગત અર્બન હેલ્થ સેન્ટર ખાતે આંગણવાડીની લાભાર્થી કિશોરીઓની આરોગ્ય તપાસ તથા હીમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. પોષણ માસ અંતર્ગત યોજાયેલા ઉપરોક્ત કાર્યક્રમોમાં ઈન્દ્રપુરી વોર્ડના ચેરમેન શ્રી કૌશિકભાઈ, કોર્પોરેટર શ્રી ચંદ્રકાંતભાઈ, વિસ્તારનાં આગેવાનો તથા અન્ય સભ્યો હાજર રહ્યાં હતાં.

બોરસદ અને આંકલાવ તાલુકામાં પૂરના કારણે થયેલ નુકસાનીના સર્વેની કામગીરી શરૂ

સર્વે બાદ સરકારના ધારાધોરણો મુજબ અસરગ્રસ્તોને સહાય ચુકવવામાં આવશે

કમલમ્ ન્યુઝ,આણંદ
જિલ્લા કલેક્ટર શ્રી મિલિંદ બાપનાના માર્ગદર્શન હેઠળ બોરસદ અને આંકલાવ તાલુકાના ગામોમાં પૂરના કારણે કાચા, પાકા મકાન, ઝુપડાઓ, ખેડૂતોના પાક નુકસાનીના સર્વેની કામગીરી બોરસદ અને આંકલાવ તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવી છે. આંકલાવ તાલુકાના ગંભીરા, બામણગામ, ચમારા, સંખ્યાડ, આમરોલ અને કહાનવાડી ગામો ખાતે ગત દિવસોમાં પૂરના પાણીના કારણે કાચા મકાન, પાકા મકાન, ઝુપડા અને ઘરવખરીનું જે કંઈ નુકસાન થયું છે તેની સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આંકલાવ તાલુકા વિકાસ અધિકારી શ્રી મુકેશસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે આંકલાવ તાલુકામાં નુકસાનીના સર્વે માટે ૧૨ અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે અને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે.આ કામગીરીનીમાં તલાટી કમ મંત્રીશ્રી,પંચાયત કચેરી કર્મીઓ અને એન્જિનિયરને સાથે રાખીને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. સર્વે બાદ સરકારના ધારાધોરણો મુજબ અસરગ્રસ્તોને સહાય ચુકવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે સેવાભાવી સંસ્થાઓ દ્વારા પશુઓને નિશુલ્ક ધોરણે ઘાસચારાનું વિતરણ પણ શરૂ કરવામાં આવ્યું છે. બોરસદ તાલુકા વિકાસ અધિકારીશ્રી ડો. રિપલબેન ચૌધરીએ જણાવ્યું હતું કે મહિકાંઠાના સારોલ, ગાજણા, કોઠીયાખાડ,નાની શેરડી, દહેવાણ, કંકાપુરા, વાલવોડ અને બદલપુર ગામોમાં પૂરના પાણી ઘૂસી આવ્યા હતા, જેના કારણે નુકસાની થવાની શક્યતા વધી જાય છે, આવા ગામો ખાતે સર્વેની કામગીરી કરવા માટે આઠ ટીમો કાર્યરત કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે પ્રભાવિત થયેલ તમામ ગામો ખાતે તલાટી કમ મંત્રીશ્રી, વિસ્તરણ અધિકારી અને એન્જિનિયરની ટીમો બનાવીને નુકસાની સર્વે શરૂ કરવામાં આવ્યો છે જે કામગીરી વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. આમ બોરસદ અને આંકલાવ તાલુકાના ગામો ખાતે થયેલ નુકસાનીના સર્વે માટે ૨૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાના ૧૮૫૦થી વધુ પૂરગ્રસ્ત પરિવારોને રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી રાશન કિટ અપાઈ

પૂરપ્રભાવિત વિસ્તારોમાં રાહતની કામગીરીમાં જિલ્લા વહીવટી તંત્રના પ્રયત્નોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ મદદ માટે આગળ આવી

કમલમ્ ન્યુઝ,વડોદરા,
વડોદરા જિલ્લામાં નર્મદા અને મહિસાગર નદીમાં આવેલા પૂરથી પ્રભાવિત થયેલા પરિવારોની પડખે આપ્તજન બની ઉભા રહેલા જિલ્લા વહીવટી તંત્રના સેવાકાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો પણ સહયોગ મળ્યો છે. અસરગ્રસ્તો સમક્ષ આવી પડેલી આ સ્થિતિમાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઉદાતભાવે સહાય કરવામાં આવી છે. તેના દ્વારા આજે ૧૮૫૦થી વધુ પરિવારોને રાશન કિટ આપવામાં આવી છે. જેનું વિતરણ આજે કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લામાં નર્મદા અને મહીસાગર નદીમા પુરથી અનેક ગામો અસરગ્રસ્ત થયેલ છે. જેને કારણે નીચાણ વાળા વિસ્તારમાં લોકોનુ સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ઘણા ઘરોમાં પાણી ભરાતા અનાજ પલળી ગયાની સ્થિતિ જોવા મળી હતી. આવા પરિવારોને કોઈ તકલીફ ના પડે એ માટે થઈને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી રાશન કિટની વ્યવસ્થા કરવામાં આવી છે. કલેક્ટર શ્રી અતુલ ગોરની અપીલને પ્રતિભાવ આપી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને રાશન કિટ આપવામાં આવી રહી છે. આવા ૧૮૫૦ પરિવારને રાશનકિટ્સ આપવામાં આવી છે. જેમાં શિનોર તાલુકાના ૪૦૭, કરજણ તાલુકાના ૩૪૧, ડભોઈ તાલુકાના ૬૪૦, વડોદરા તાલુકાના ૩૪૫ અને પાદરા તાલુકાના ૯૩ આમ વડોદરા જિલ્લાના ૧૮૫૦ જેટલા પરિવારોને અનાજની કિટ હાથોહાથ પહોંચાડવામાં આવી છે. ઘરમાં પાણી ઘુસી ગયુ હોય અને અનાજ પલળી ગયુ હોય તેવા પરિવારોને રાહત રહે તેવા શુભાશયથી ૩૩ કિલોનું રાશનની કિટ વિતરણ કરવામાં આવ્યું છે. આ કિટમાં લોટ, દાળ, ચોખા, ચા-ખાંડ, તુવેર અને મરીમસાલા જેવી ૧૩ જેટલી વસ્તુઓની કિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં આંગણવાડી અને મધ્યાહ્ન ભોજન માટે કિટ વિતરણ કરવામાં આવનાર છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા જમાલપુર વોર્ડમાં લાઈવ રસોઈ શોના કાર્યકર્મનું આયોજન

કમલમ્ ન્યુઝ,
પોષણ માસ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડીએસ.વિભાગ અંતર્ગત જમાલપુર વોર્ડમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. પોષણ માસના આ કાર્યક્રમ અંતર્ગત લાઈવ રસોઈ શોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાલશક્તિ, પૂર્ણાશક્તિ અને માતૃશકિતમાંથી વાનગીઓ બનાવીને તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું તથા લાઈવ વાનગીઓનો ડેમો કાર્યકર્મ પણ કરવામાં આવ્યો હતો. લાભાર્થીઓને પોષણયુક્ત આહાર તથા તેના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોષણ માસ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. વિભાગના સી.ડી.પીઓ શ્રી રેણુકાબહેન પટેલ, કોર્પોરેટર શ્રી મુસ્તાકભાઈ ખાદીવાલા, કોર્પોરેટર શ્રી અફસાનાબહેન, કોર્પોરેટર શ્રીબીનાબહેન ઉપસ્થિત રહ્યાં હતાં.

સરકાર "રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર" તરીકે ઓળખાતા વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં રાષ્ટ્રીય પુરસ્કારોના નવા સેટ સાથે બહાર આવી

રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર એ ભારતમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ માન્યતાઓમાંનો એક હશે

કમલમ્ ન્યુઝ,

ભારત સરકાર વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે રાષ્ટ્રીયપુરસ્કારોના નવાસેટ સાથે બહાર આવી છે જેને "રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર" તરીકે ઓળખવામાં આવે છે. રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર (RVP)નોઉદ્દેશ વિજ્ઞાન, ટેકનોલોજી અને ટેકનોલોજીનીઆગેવાની હેઠળના ઈનોવેશનના વિવિધ ક્ષેત્રોમાં વ્યક્તિગત રીતે અથવા ટીમમાં વૈજ્ઞાનિકો, ટેકનોલૉજિસ્ટ અને સંશોધકો દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર અને પ્રેરણાદાયી યોગદાનને ઓળખવાનો છે. રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર એ ભારતમાં વિજ્ઞાન, ટેક્નોલોજીઅને નવીનતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ માન્યતાઓમાંનો એક હશે. સરકારી, ખાનગી ક્ષેત્રની સંસ્થાઓમાં કામ કરતા વૈજ્ઞાનિકો/ ટેકનોલોજિસ્ટ્સ/ઈનોવેટર્સ અથવા કોઈપણ સંસ્થાની બહારકામ કરતી કોઈપણ વ્યક્તિ, જેમણે વિજ્ઞાન, ટેકનોલૉજી અથવા ટેક્નોલૉજીની આગેવાની હેઠળના કોઈપણ ક્ષેત્રમાં પાથ-બ્રેકિંગ સંશોધન અથવા નવીનતા અથવા શોધના સંદર્ભમાં વિશિષ્ટ યોગદાન આપ્યું છે તેઓ પુરસ્કારો માટે પાત્ર બનશે. ભારતીય સમુદાયો અથવા સમાજને લાભ આપતા અસાધારણ યોગદાન સાથે વિદેશમાં રહેતા ભારતીય મૂળના લોકો પણ પુરસ્કારોમાટે પાત્રહશે. પુરસ્કારો નીચેની ચાર કેટેગરીમાં આપવામાં આવશે:-

વિજ્ઞાન રત્ન (VR) પુરસ્કાર વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં આજીવન સિદ્ધિઓ અને યોગદાનને માન્યતા આપશે.

વિજ્ઞાન શ્રી (VS) એવોર્ડ વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાનને માન્યતા આપશે.

વિજ્ઞાન યુવા-શાંતિ સ્વરૂપ ભટનાગર (VY-SSB) એવોર્ડ ૪૫ વર્ષ સુધીના યુવા વૈજ્ઞાનિકોને ઓળખશે અને પ્રોત્સાહિત કરશે જેમણે વિજ્ઞાનઅને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપ્યું છે.

વિજ્ઞાન ટીમ (VT) પુરસ્કાર ત્રણ કે તેથીવધુ વૈજ્ઞાનિકો/ સંશોધકો/સંશોધકોનીબનેલીટીમને આપવામાં આવશે જેમણે વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં એક ટીમમાંઅસાધારણ યોગદાન આપ્યું છે.

સરકારી અથવા ખાનગી સંસ્થાઓમાં વિજ્ઞાનના કોઈપણ ક્ષેત્રમાં કામ કરતા વૈજ્ઞાનિકો, ટેકનોલોજિસ્ટ્સ અને સંશોધકો કે જેમણે વિજ્ઞાનના કોઈપણ ક્ષેત્રમાં સંશોધન, ટેકનોલોજીની આગેવાની હેઠળની નવીનતા અથવા શોધમાં યોગદાન આપ્યું હોય અથવા હાથ ધર્યા હોય અથવા નોંધપાત્ર સામાજિક અસર ધરાવતી નવીન તકનીકો/ઉત્પાદનોના વિકાસમાં યોગદાનઆપ્યું હોયતેઓપુરસ્કાર માટે પાત્ર મનાશે.

વિદેશમાં ભારતીય મૂળના વૈજ્ઞાનિકો, ટેકનોલૉજિસ્ટ્સ અને સંશોધકો પણ અપવાદરૂપ યોગદાન સાથે ભારતીય સમુદાયો અથવા સમાજને મોટા પાયે લાભ માટે પાત્ર હશે.

રાષ્ટ્રીય વિજ્ઞાનપુરસ્કાર ૧૩ ડોમેનમાં આપવામાં આવશે, જેમ કે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જૈવિક વિજ્ઞાન, ગણિત અને કમ્પ્યુટર વિજ્ઞાન, પૃથ્વી વિજ્ઞાન, દવા, એન્જિનિયરિંગવિજ્ઞાન, કૃષિ વિજ્ઞાન, પર્યાવરણ વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા, અણુ ઊર્જા, અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી અને અન્ય. લિંગ સમાનતા સહિત દરેક ડોમેન/ ફીલ્ડમાંથી પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવામાંઆવશે.

રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કારો માટે પ્રાપ્ત થયેલા તમામ નામાંકન રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર સમિતિ (RVPC) સમક્ષ ભારત સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર (PSA) દ્વારા પસંદગીમાટે મૂકવામાંઆવશે અને તેમાં વિજ્ઞાન વિભાગના સચિવો, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ એકેડમીના સભ્યો અને વિજ્ઞાન અને ટેકનોલોજીનાવિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો તથા ટેકનોલોજીસ્ટનો સમાવેશથાય છે

પુરસ્કારોના આ ગુલદસ્તા માટે નામાંકન દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ આમંત્રિત કરવામાં આવશે જે દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરી (રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ) સુધી ખુલ્લું રહેશે. આ પુરસ્કારોદર વર્ષે ૧૧મી મે (રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ)ના રોજ જાહેર કરવામાં આવશે. તમામ કેટેગરીના પુરસ્કારો માટેનો એવોર્ડ સમારોહ ૨૩મી ઓગસ્ટ (નેશનલસ્પેસડે)ના રોજ યોજાશે. બધા પુરસ્કારોમાં સનદ અને મેડલ હશે.

આ નવા રાષ્ટ્રીય પુરસ્કારો એ ભારતસરકાર દ્વારાઉચ્ચ સ્તરે વૈજ્ઞાનિક સમુદાયની સિદ્ધિઓને માન્યતા આપવાનું એક પરિવર્તનકારી પગલું છે, સમગ્ર પસંદગીપ્રક્રિયામાંપારદર્શિતા અને નિષ્પક્ષતા સાથે, સાયન્ટિફિક ઈનોવેટર્સ અને ટેકનોલોજિસ્ટના તમામ વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યને અન્ય રાષ્ટ્રીય પુરસ્કારોની સમાન સ્થિતિમાં પુરસ્કાર આપવામાં આવશે.

જામલાપાડા ગામ ખાતે સ્વ સહાય જુથની ૫૦ એગ્રીપ્રિનયોરશીપ ટ્રેડની તાલીમ યોજાઇ

કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ

ONGC દ્વારા પ્રસ્તુત અને ભારતીય ઉદ્યમીતા વિકાસ સંસ્થાન (EDII)-અમદાવાદના સહયોગથી અથક ભારત પ્રોજેક્ટ અંતર્ગત તાજેતરમાં આહવા તાલુકાના જામલાપાડા ગામ ખાતે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી.એસ.જી.પાટીલના અધ્યક્ષ સ્થાને સ્વ સહાય જુથોની મહિલાઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. અથક ભારત પ્રોજેક્ટ અંતર્ગત જામલાપાડા ગામ ખાતે ત્રણ સ્વ સહાય જૂથની ૫૦ મહિલાઓને ઉદ્યમીને એગ્રીપ્રિનયોરશીપ ટ્રેડની ૨૨ દિવસની તાલીમ આપવામા આવી હતી.

અથક ભારત પ્રોજેક્ટ જે ડાંગ જિલ્લામા મુખ્ય ૫ મુદ્દાઓ ઉપર કામ કરીરહ્યા છે. જેમા કુલ ૧૮ ગામોની ૩૦૫ મહિલાઓ પ્રોજેક્ટનો લાભલઈ રહીછે. જેમા એગ્રીપ્રિનયોરશીપ, હસ્તકળા અને વારલી પેંઈટિંગ, પ્રવાસન ઉધ્યોગ, એન.ટી.એફ.પી. અને ઔષધીય વનસ્પતિ તાલીમ વગેરેનો સમાવેશ છે. મહિલાઓને પ્રમાણપત્ર વિતરણના આ કાર્યક્રમમાં શ્રી ચિરાગ પટીલ, (પ્રોજેક્ટ ઓફિસર, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા.), શ્રી નિલેશ ભિવસન (પ્રોજેક્ટ એકિઝકયુટીવ), શ્રી કિરણ ચૌર્યા (CRP), તથા રીબકાબેન ગામીત, AKRS P(I) અને કલ્પનાબેન ગાયકવાડ (માસ્ટર ટ્રેનર) હાજર રહ્યાહતા.

વ્યારા શ્રી જૈન સંઘમાં પર્યુષણ પર્વ ની રંગેચંગે ઉજવણી

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

પ.પુ. આચાર્ય ભગવંત શ્રી કેસરસુરીશ્વરજી મ.સા. ના સમુદાયના સાધ્વીજી ભગવંત પ.પુ.શાસનરસાશ્રીજી મ.સા., પુ. શ્રુતરસાશ્રીજી મ.સા., પુ.સુપ્રસન્નાશ્રીજી મ.સા., પુ.અર્હજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વ્યારામાં પર્યુષણ પર્વની ઉજવણી આનંદ-ઉલ્લાસ પૂર્વક થઈ. પર્યુષણ પર્વ દરમ્યાન જૈન શ્રાવકના કર્તવ્યોની સાચી સમજણ મ.સા. દ્વારા કરવામાં આવી. તેમજ જૈન ઉત્તમ ગ્રંથ કલ્પસૂત્ર-બારસાસૂત્રનું વાંચન અને સચોટ સમજણ આપવામાં આવી. મહાવીર જન્મ કલ્યાણના દિવસે ૧૪ સુપનોની ઉછમણી તેમજ પારણા ઝુલાવવામાં સંઘના તમામે ઉત્સાહભેર ભાગ લીધો. પર્વ પર્યુષણ નિમિત્તે, જૈન શ્રાવકો-શ્રાવિકાઓ દ્વારા શાતાપૂર્વક તપશ્ચર્યા પણ થઈ. મનીષાબેન નિપુણભાઈ નહાર (૧૬ ઉપવાસ), ધ્રુવ નિપુણભાઈ નહાર (૧૧ ઉપવાસ), આશાબેન વિજયભાઈ શાહ (૮ ઉપવાસ), આર્યા હેમેશભાઈ શાહ (૮ ઉપવાસ), ભાર્ગવી મિનેશભાઈ શાહ (૮ ઉપવાસ), રિશી અંકિતભાઈ શાહ (૮ ઉપવાસ), દર્શન નિપુણભાઈ નાહર (૮ ઉપવાસ), ધ્યાની જૈમિનભાઈ શાહ (૮ ઉપવાસ), કળશ જતીનભાઈ શાહ (૮ ઉપવાસ), કેતનભાઈ દિનેશભાઈ શાહ (૮ ઉપવાસ), સેજલ જયેશભાઈ શાહ (૮ ઉપવાસ), સોના વિજયભાઈ શાહ (૮ ઉપવાસ) સર્વ તપસ્વીની સંઘ દ્વારા ખુબ ખુબ અનુમોદના કરવામાં આવી. શ્રી સંઘમાં સંવત્સરીના દિવસે સામુહિક પ્રતિક્રમણમાં મોટી સંખ્યામાં જૈન શ્રાવક -શ્રાવિકાઓ જોડાયા હતા. ભાદરવા સુદ પાચમના દિવસે સંઘની અંદર સવારની નવકારશીબપોરનું અને સાંજનું શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. અને સૌથી અગત્યની પ્રભુ મહાવીરની ભવ્ય રથયાત્રા અંકિતભાઈ નટવરલાલ શાહના નિવાસસ્થાનેથી નીકળી હતી. જેમાં નાના-મોટા સૌએ ઉત્સાહભેર ભાગલીધો હતો.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમા "અંગદાન સંકલ્પ" નો કાર્યક્રમ યોજાયો

હ્રઅમરનાથ જગતાપ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવા ખાતે કોલેજના આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડેનામાર્ગદર્શન હેઠળ દ્વજીજી વિભાગ દ્વારા તાજેતરમાં "અંગદાન સંકલ્પ" કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા કોલેજના સિનિયર અધ્યાપક શ્રી અજીતભાઈ પટેલે અંગદાન વિશે સમજુતીઆપીહતી. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.જયેશભાઈ એલ. ગાવિત દ્વારા અંગદાન ક્યારે કરી શકાય, અને તેનું મહત્વ શું છે, તે વિશેની સમજુતી આપી વિદ્યાર્થીઓને અંગદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડેદ્વારા પણ વિદ્યાર્થીઓને અંગદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમમા સમગ્ર કોલેજના ૮૯ જેટલા વિદ્યાર્થીઓ, અને કોલેજનો સ્ટાફે ભાગ લીધો હતો. કાર્યક્રમનુ સમગ્ર સંચાલન ડૉ.જયેશભાઈ ગાવિત તથા પ્રા.ઉમેશભાઈ હડસદ્વારા કરવામા આવ્યુ હતુ.

'આઈ ફોલો ટ્રાફિક રૂલ્સ એવરનેસ કેમ્પેઈન' અંતર્ગત યોજાયેલી સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઈનામો આપી સન્માનિત કરાયા

કમલમ્ ન્યુઝ,

સુરત શહેર ટ્રાફિક પોલીસ અને જિલ્લા શિક્ષણાધિકારીની સુરત કચેરીના સંયુકત ઉપક્રમે "I FOLLOW TRAFFIC RULS AWARENESS COMPAIGN" ચલાવીસુરત શહેર તથા સુરત ગ્રામ્યની શાળાઓમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાકમલમ્ ન્યુઝ, આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત કચેરી હસ્તકના ધો.૦૯ થી ધો.૧૨ ના સુરત શહેર તથા સુરત ગ્રામ્યની શાળાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આવરી લઈ રંગોળી, વર્કિંગમોડેલ, એકમિનિટ વિડિયો, એકપાત્રીય અભિનય, ચિત્રસ્પર્ધા, મોડેલ, માઈમ, યુવા એમ્બેસેડર (વકૃત્વ સ્પર્ધા,સાઈનેજ ઓળખ, ક્વીઝ) જેવી વિવિધ સ્પર્ધાઓમાં ૩૯૧૩૨ વિધાર્થીઓ તથા ૧૨૦૪ શિક્ષકોએ ભાગ લીધો હતો. સુરત શહેર ટ્રાફિક પોલીસ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતના સંયુક્ત ઉપક્રમેધી રેડીયન્ટ ઈન્ટરનેશનલસ્કુલ ઉગતકેનાલ રોડ ખાતે"IFOLLOW TRAFFIC RULS AWARENESS CAMPAIGN" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અજયકુમાર તોમર ,નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમિતા વાનાણી,પોલીસ અધિકારીઓતથાશિક્ષણાધિકારીશ્રી ડો.ડી.આર. દરજી, શિક્ષણ નિરીક્ષક ડૉ.સંગીતા મિસ્ત્રી હાજર રહ્યા હતા. જેમાં મુખ્ય સ્પર્ધામાં અલગ અલગ સ્કુલોમાંથી વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને દરેક સ્પર્ધા દીઠ નં- ૧, ૨, ૩ ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થી તથા શિક્ષણકોને પ્રમાણપત્રતથા ઈનામ રાશી, પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યાહતા. આકાર્યક્રમમાં તમામ આમંત્રીત મહેમાનો, શિક્ષકો, વિદ્યાર્થીનાઓ ટ્રાફિકનિયમ પાલન કરવા તથા કરાવવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થી દ્વારા "I FOLLOW TRAFFIC RULS AWARENESS CAMPAIGN" તૈયાર કરેલ પ્રોજેક્ટની પ્રદર્શન માટે મુકવામાં આવી હતી. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાંઅનેરો ઉત્સાહ અને ઉર્જા જોવા મળી હતી.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મોહનથાળ પ્રસાદ બનાવવાની કામગીરી શરૂ કરાઈ

કુલ અગિયારથી બાર કેન્દ્રો પરથી માઇભક્તોને માતાજીનો મોહનથાળનો પ્રસાદ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરાઇ

રોજના ૩,૦૦,૦૦૦ લાખ પેકેટ બનાવવામાં આવશે

યાત્રિકોની સંખ્યાને ધ્યાનમાં રાખી સમગ્ર મેળા દરમિયાન ૪૦ લાખ જેટલાં પ્રસાદના બોક્ષ બનાવવાનું આયોજનઃ પ્રસાદ વ્યવસ્થા સમિતિના અધ્યક્ષશ્રી એચ. કે. ગઢવી

મોહનથાળ પ્રસાદ બનાવવામાં આટલું સીધું- સામાન વપરાશે

શ્રી એચ.કે.ગઢવીએ અંબાજી માતાજીના મોહનથાળ પ્રસાદ બનાવવામાં વપરાનાર સીધા-સામાન અંગે માહિતી આપતા કહ્યું કે,

ગયા વર્ષે મેળામાં આવેલા યાત્રાળુઓ અને આ વર્ષે મેળામાં આવનાર યાત્રિકોના અંદાજને ધ્યાનમાં રાખી ૪૦ લાખ જેટલાં પ્રસાદના બોક્ષ બનાવવા છે. જેમાં ૧૦૫૦ ઘાણ માટે કુલ- ૩,૫૯,૮૩૫ કિ.લો. બેસન, ઘી, ખાંડ અને ઈલાયચીનો વપરાશકરવામાં આવશે.

જે પૈકી બેસન- ૧,૦૫,૦૦૦ કિ.લો., ઘી- ૭૮,૭૫૦ કિ.લો., (૫૨૫૦ ડબ્બા), ખાંડ- ૧,૫૭,૫૦૦ કિ.લો. અને ૨૧૦કિ.લો. ઈલાયચી વપરાશે. એજન્સીની દૈનિક ૮૦ ઘાણ બનાવવાની ક્ષમતા છે. ૮૦ ઘાણમાં ૩૦,૦૦૦ કિ.લો. પ્રસાદ બનતો હોય છે એટલે કે રોજના ૩,૦૦,૦૦૦ લાખ પેકેટ બનાવવામાં આવશે.

કમલમ્ ન્યુઝ,

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સમાન આદ્યશક્તિ માં અંબાના ધામ અંબાજી ખાતે આગામી તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાનાર છે. ભાદરવી મહાકુંભ આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના નેતૃત્વ અને અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર મેળો યોજવાસજ્જ બન્યું છે. આજે ગણેશચતુર્થીના પવિત્રદિવસથી શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વોટર પ્રુફ ડોમમાં મોહનથાળ પ્રસાદ બનાવવાની કામગીરીશરૂ કરવામાં આવી છે. અંબાજીખાતેદર્શન કરવા આવતા માઈભક્તો માતાજીના દર્શન કર્યા બાદ પોતાના ઘરે મોહનથાળનો પ્રસાદ અચૂક લઈ જતાહોય છે. મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરનીઆગવી ઓળખ છે. પ્રસાદ વ્યવસ્થા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એચ. કે. ગઢવીએ જણાવ્યું કે, ભાદરવી પૂનમના મહામેળામાં દૂર દૂરથી પદયાત્રા કરીને આવતામાઈભક્તોને પ્રસાદ મેળવવામાં કોઈપણ પ્રકારની અગવડ ન પડે તથા માઈભક્તોને પુરતા પ્રમાણમાં પ્રસાદ મળી રહે તે માટે આજે અંબાજીખાતે ગણેશ ચુતર્થીના પવિત્ર દિવસથી પ્રસાદ બનાવવાનીકામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે. મેળામાં આવતા યાત્રિકોની સંખ્યાને ધ્યાનમાં રાખી સમગ્ર મેળા દરમિયાન ૪૦ લાખ જેટલાં પ્રસાદના બોક્ષ બનાવવાનું આયોજન છે. અંબાજીમંદિર ટ્રસ્ટ અને કલેક્ટરશ્રીનામાર્ગદર્શન હેઠળ પ્રસાદ સમિતિ દ્વારા અહીં મેળા દરમિયાન જરૂરીયાતમુજબ રોજે રોજ પ્રસાદ બનાવવામા આવશે. આ માટે એજન્સીને અગાઉના દિવસે પ્રસાદ બનાવવાની જાણ કરવામાં આવશે. પ્રસાદ વ્યવસ્થા વિશે માહિતી આપતા તેમણે કહ્યું કે, મેળાદરમિયાન રાઉન્ડધક્લોક પ્રસાદ બનાવવાની કામગીરી ચાલુ રહેશે. જેના માટે પુરવઠાવિભાગના સ્ટાફ પણ પુરતા પ્રમાણમાં ગોઠવવામાં આવ્યો છે. પુરતા પ્રમાણમાં સીધુ-સામાન, પ્રસાદની ગુણવત્તાનું ખાસ ધ્યાન રખાશે. ફાયર બ્રિગેડની ટીમ પણ હાજર રહેશે. અંબાજીમંદિરમાં રેગ્યુલર પ્રસાદ કેન્દ્રો ચાલુ છે તે તો ચાલુ જ રહેશે પણ તે સિવાય મંદિરમાં યજ્ઞ શાળાની બાજુમાં ૨ પ્રસાદ કેન્દ્ર, ગણપતિ મંદિર પાસે પ્રસાદ કેન્દ્ર, સાત નંબર ગેટ પાસે પ્રસાદ કેન્દ્ર, શક્તિ દ્વાર પાસે પ્રસાદ કેન્દ્ર સહિત વિવિધજગ્યા ઉપરકુલ અગિયારથી બાર કેન્દ્રો પરથી માઈભક્તોને માતાજીનો મોહનથાળનો પ્રસાદ સરળતાથી મળી રહે તેવા પ્રયાસો વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

વડોદરા જિલ્લાના પૂરગ્રસ્ત ગામોમાં પૂરજોશમાં ચાલી રહેલી રાહત કામગીરી

ખેડૂતોના પાક અને જમીન ધોવાણ અંગે થયેલ નુકસાનીના સર્વે માટે ૧૦૨ ટીમોઃ ૧૭ ટીમો દ્વારા પશુઓની સારવારઃ ઝૂંપડા કાચા પાકા મકાનોના સર્વે માટે ૪૩ ટીમો કાર્યરત

રોગચાળો અટકાવવા માટેના ૬૫ ટીમો કાર્યરતઃ અત્યાર સુધીમાં ૫૯૭૭ ઘરોનો સર્વે

કમલમ્ ન્યુઝ, વડોદરા,

વડોદરા જિલ્લામાં નર્મદા અને મહીસાગર નદીના પૂરને કારણે ડભોઈ તાલુકાના ચાર, શિનોરના ચાર, કરજણના ત્રણ, ડેસરના ત્રણ, વડોદરા ગ્રામ્યના પાંચ, સાવલીના એક અને પાદરા તાલુકાનાં ૧૧ સહિત ૩૧ ગામો અસરગ્રસ્તથયા હતા. પૂરના પાણી ઓસરતા આ તમામ ગામોમાં યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી સહિત રોગચાળા અટકાયત માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ તમામ ગામોમાં વીજ પુરવઠો પણ પૂર્વવત કરી દેવામાં આવ્યો હોવાનું કલેક્ટરશ્રી અતુલ ગોરે જણાવ્યું છે. અસરગ્રસ્ત ગામોમાં વિપદાની આવેળામાં જિલ્લાપ્રસાશન સંપૂર્ણ સંવેદના અને માનવીય અભિગમ સાથેપૂર અસરગ્રસ્તોનીપડખે રહ્યું છે. કલેકટર શ્રી અતુલ ગોર દ્વારા આજે અસરગ્રસ્ત ગામોમાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરશ્રીગોરે જણાવ્યુંકે, આશ્રય સ્થાનોમાંઆશરો લઈ રહેલા લોકો પોતાના ઘરે પરત ફર્યા છે. પૂરના પાણી ઘરો અને દુકાનમાં ઘૂસવાથી થયેલીનુકસાનીના સર્વેમાટે જિલ્લા વહીવટીતંત્ર ગઠન કરવામાં આવેલી ૩૯ ટીમો સર્વેની કામગીરી કરી રહી છે. આ ઉપરાંત જે ગામોમાં પૂરનાપાણીને કારણે ખેડૂતોના પાક અને જમીન ધોવાણ અંગે થયેલ નુકસાનીના સર્વે માટે ૧૦૨ ટીમો કામગીરી કરી રહી છે. જિલ્લામાં ૧૭ ટીમો દ્વારા ૧૫૭ પશુઓની સારવાર કરવા સાથે ૩૭૯૭ પશુઓને દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. જરૂર પડે ત્યાં ઘાસચારાની વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યું છે. અસરગ્રસ્ત ગામોમાં ઝૂંપડા કાચા પાકા મકાનોના સર્વે માટે ૪૩ ટીમો કાર્યરત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૦ ગામોમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાંઆવીછે. જેઆજ બુધવાર સાંજ સુધીમાં પૂર્ણથઈ જાય એ રીતે કામગીરી કરવામાં આવી રહી છે. પૂર અસરગ્રસ્ત ૩૧ ગામોમાં ૩૮ ટીમો દ્વારા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગામડાંઓમાં સ્થાનિક ગ્રામ પંચાયત અને ડભોઈના ચાર ગામોમાં ડભોઈનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ૬ સહિત ૧૦ ટીમો કામગીરી કરી રહી છે. અસરગ્રસ્ત ગામોમાં પીવાના પાણીની પણ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યુંકે, પૂર અસરગ્રસ્ત ૩૧ ગામડાંઓમાંરોગચાળો અટકાવવા માટેના ૬૫ ટીમો કામગીરી કરી રહી છે. જેમાં મેડિકલ અને પેરા મેડિકલ સહિત ૧૬૪ સ્ટાફ ગામડાંઓમાં ઘરે ઘરે જઈ સર્વેલન્સની કામગીરી કરીરહ્યા છે. અત્યાર સુધીમાં ૫૯૭૭ ઘરોનો સર્વે કરવા સાથે ૭૯ ફળિયાને ચૂનાથી ડસ્ટ કરવામાં આવ્યા છે. ૧૩૫૯ ક્લોરિન ટેસ્ટ, ૧૩૬૪૫ ક્લોરિન ગોળી તેમજ ૪૧ હજાર ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. ૪૧ મેડિકલ કેમ્પ દ્વારા ૮૦૭ દર્દીઓની તપાસ કરીદવાનું વિતરણ કરવામાંઆવ્યું છે. આગામોના મુખ્ય રસ્તા તેમજ અંદરના રસ્તાઓ પણ ચુનાથી ડસ્ટીન કરવામાંઆવશે. દસહજાર કિલો ચૂનાનો વધારાનો જથ્થો મંગાવવામાં આવ્યો છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, આર.સી.એમ,નિવાસી અધિક કલેક્ટર ડો.બી.એસ.પ્રજાપતિ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

નેત્રંગ તાલુકાના ગ્રામ સેવકોએ ઘાસચારો ભેગો કરી પૂર અસરગ્રસ્ત ગામડાંઓના પશુપાલકો સુધી પહોચાડ્યો

કમલમ્ ન્યુઝ,

ભરૂચ જિલ્લામાં પૂરથી ભરૂચ સહીતઅંકલેશ્વર, ઝગડીયા, હાસોટ તાલુકાનાવિસ્તારમાં અસર પહોંચાડી હતી. જનજીવન ખોરવાતા પશુઓનાઘાસચારા માટે પડતી જરૂરિયાતોને પૂરી કરવા ભરૂચ જિલ્લાના ખેતીવાડી વિભાગના અધિકારીશ્રી પ્રવિણ માંડાણી અને નેત્રંગ તાલુકા વિસ્તરણ અધિકારીના માર્ગદર્શન હેઠળ નેત્રંગ તાલુકાના ૯ જેટલા ગ્રામ સેવકોએ વાલિયા અને નેત્રંગ તાલુકાના અલગ - અલગ ૧૫૦ થી વધુ ખેડૂતો ભેગા થઈને ખેડૂતો પાસેથી ઘાસચારો ભેગો કર્યો હતો. આ દરમ્યાન ગ્રામસેવકોએ પણ શ્રમદાન કરી ઘાસચારો કાપીને ભેગો કરીને નેત્રંગ અને વાલિયા તાલુકામાંથી વાહન મારફતે ઝઘડિયા તાલુકાના, તરસાલી, કોઠીદરા અને ભાલોદ ગામના પશુપાલકો સુધી પહોંચાડયો હતો. પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા થતા મુંગા પશુઓ માટે વરદાનરૂપ સાબિત થયું હતું.

પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરા અમદાવાદ ખેતી બેંક દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં સહભાગી થયા

કમલમ્ ન્યુઝ,
અમદાવાદ ખેતીબેંક ખાતે ગણેશમહોત્સવનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાંગુજરાતના પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરા સહભાગી થયાહતા. પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ ભગવાન શ્રી ગણેશના દર્શન કરી, આરતી ઉતારી ધન્યતાઅનુભવીહતી. આ પ્રસંગેખેતી બેંકના કર્મચારીઓ દ્વારાસાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું હતું.મંત્રીશ્રીએ તમામ કર્મચારીઓને આઆયોજન બદલ શુભેચ્છાઓ પાઠવીહતી. ભગવાન શ્રીગણેશના દર્શન અને આરતીનો લાભ મેળવીને મંત્રીશ્રીએ આનંદની લાગણી અનુભવીહતી. આ પ્રસંગે ખેતી બેંકનાચેરમેન શ્રીડોલરભાઈ કોટેચા, ખેતી બેંકનાડિરેક્ટર શ્રીજીવણભાઈ આહીર, જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકનાવાઈસ ચેરમેનશ્રી મનુભાઈ ખૂંટી તથાઅમદાવાદ ખેતી બેંકનો સ્ટાફ અને મોટી સંખ્યામાંભક્તજનો ઉપસ્થિતરહ્યા હતા.

થોરાળા પોલીસ મથક ખાતે મંગલમૂર્તિ ગણપતિજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિથી ભાવભેર કરાયું સ્થાપન

કમલમ્ ન્યુઝ,રાજકોટ
સમગ્ર ભારત દેશમાં ગણેશ મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરાઈ રહી છે. ત્યારે રાજકોટ જિલ્લાના થોરાળાપોલીસસ્ટેશન ખાતે ગણેશચતુર્થીના દિવસે શાસ્ત્રોક્ત વિધિથી મંગલમૂર્તિ ગણપતિજીનું સ્થાપન કરીને ભાવભેર પૂજન-અર્ચન કરાયું હતું. મહિલાસ્ટાફે ગણાધિપતિ દેવને વધાવવામાટે પોલીસ મથકને સુશોભિત કર્યું હતું. થોરાળાપોલીસ મથકમાં પાંચ દિવસમાટે સ્થાપિત ચતુર્ભુજધારી ગણપતિજીની પ્રતિમા માટીમાંથી બનાવેલી છે. પોલીસ કચેરીએ ગણેશજીની ઈકો-ફ્રેન્ડલીમૂર્તિથી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો છે. ગણપતિજીની સ્થાપના વિધિ કરતી વખતે નિયમોનુસાર અવાજનું પ્રદુષણ ન થાય, તેનો ખ્યાલ રખાયો છહતો. તેમજ પોલીસ સ્ટાફે શ્રેષ્ઠ કામગીરી કરવાની શક્તિ આપવા તેમજ રાજકોટવાસીઓની શાંતિ અને સલામતી જાળવવા માટે વિઘ્નહર્તાદેવને પ્રાર્થના કરી હતી. આતકે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ભાર્ગવસિંહ ઝણકાટ, પોલીસ સબ

ઈન્સ્પેક્ટરશ્રીપીએમ.રાઠવા તથાએચ. એમ.ગઢવી સહીતનો પોલીસસ્ટાફ તથાઅરજદારોએ ગણેશજીના દર્શનનો લ્હાવો લીધો હતો.

ભાવનગર ખાતે બંધારણીય પરિકલ્પના અંતર્ગત વંચિત નાગરિકોની સામાજિક સુરક્ષાને સુનિશ્ચિત કરતું એક જિલ્લા સ્તરીય પરામર્શનું આયોજન

કમલમ્ ન્યુઝ,
સમર્થન મહિલા સંગઠન, શક્તિ મહિલા સગઠન અને ઉત્થાનના સહિયારા પ્રયાસે, બંધારણીય પરિકલ્પના અંતર્ગત વંચિત નાગરિકોની સામાજિક સુરક્ષાને સુનિશ્ચિત કરતું એક જિલ્લા સ્તરીય પરામર્શનું આયોજન ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ, સવારના ૧૧.૦૦-૨.૦૦ દરમિયાન આર્ય સમાજ હોલ, સરદારનગર, ભાવનગર ખાતે થયું. આ પરામર્શનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા સંગઠનો, ઉત્થાન સંસ્થા અને સરકાર સાથે મળીને વંચિત લોકોના મૂળભૂત અધિકારોને સરકારી યોજનાઓ દ્વારા મેળવવામાં પડતી મુશ્કેલીઓ પર સકારાત્મકચર્ચા કરવાનોઅને તેના નિરાકરણ કે ઉકેલો કાઢવાના સહભાગી અભિગમ પ્રસ્થાપિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં સરકારી વિભાગોના પ્રતિનિધિત્વ કરતાજીલ્લા મહિલા અને બાળ વિકાસમાંથી સુરક્ષા અધિકારી શ્રી. સોનલબહેન પટેલ, જીલ્લાસમાજ સુરક્ષા વિભાગમાંથી પ્રોબેશન ઓફિસર શ્રી. હર્ષવર્ધન મૌર્ય અને શ્રી. સુરેશ રાઠોડ, મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી જેન્ડર સ્પેશ્યાલીસ્ટ શ્રી. અજયભાઈ ડી. જીલ્લા બાળ સુરક્ષા એકમમાંથી પ્રોટેક્શન ઓફિસર શ્રી. જયશ્રીબહેન, જીલ્લા સમાજ સુરક્ષામાંથી ઓપરેટર શ્રી. પરિત પરમાર ઉપસ્થિત રહ્યા હતા. તદુપરાંત ભાવનગર જિલ્લાના મહુવા, ભાવનગર અને ઘોઘા તાલુકાના ૮૨ ગામના સરકારી યોજનાઓના હિતધારકોમાંથી કુલ ૬૫ લોકો, મહિલા સંગઠન, ભાવનગરનાપ્રમખ, કારોબારીના સભ્યો, પેરાલીગલ કાર્યકરો અને ઉત્થાન ટીમમળીને કુલ ૨૫હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં સરકારીયોજનાઓના હિતધારકોને ગંગા સ્વરૂપા યોજના, વૃદ્ધ સહાય યોજના, દિવ્યાંગ સહાયયોજના, પાલક માતા-પિતા યોજના અને વ્હાલી દીકરી યોજનાનો લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓની રજૂઆત સંબંધિત સરકારી અધિકારીઓ સમક્ષ કરવામાં આવી. જેના અનુસંધાનમાં સર્વે અધિકારીઓએ સરકાર સાથે જોડાણ કરીને વંચિતલોકોને તેમના અધિકારોઅપાવવા માટે ગ્રામ સ્તરે માહિતી, માર્ગદર્શન અને જાગૃતિ માટે વિવિધ માધ્યમો (ફળિયા મીટીંગો, સર્વિસ કેમ્પો) દ્વારા કરાયેલા અથાક પ્રયાસોને બિરદાવ્યા હતા.

હિતધારકોની મુશ્કેલીઓના સંદર્ભમાંતેઓએ જે તે સરકારી યોજનાઓના તાજેતરના નવા સરકારી ઠરાવો / નિયમોની જાણકારી, તાલુકા સ્તરે દિવ્યાંગ લોકો માટે વિકલાંગતાની તપાસ માટેના વધારે મેડીકલ કેમ્પોનું આયોજન, બધી જ સરકારીયોજનાઓના દસ્તાવેજોની ગ્રામ સ્તરે ખરાઈ કરાવવા માટે સંબંધિત અધિકારીને મોકલવાની વ્યવસ્થા કરવાની, વૈકલ્પિક સમાજ સુરક્ષા યોજનાઓનો લાભ અપાવવામાટેની અને ઉત્થાન અને મહિલા સંગઠનોને સરકારી યોજનાઓમાં પડતી મુશ્કેલીઓ બાબતે હિમાયત કરવાની અને એનો સરકાર તરફથી સકારાત્મક પ્રતિસાદ આપવાનીબાંહેધરી આપી હતી. આ પરામર્શ દ્વારા સરકારી અધિકારીઓ, સંગઠન અને સંસ્થા વચ્ચેના જોડાણો વધુમજબૂતબન્યા હતા અને તમામ વંચિત લોકોની તેમના અધિકારો સુધીની પહોંચને વધારવા માટેનીકટિબદ્ધતા દર્શાવી હતી. અંતે દેશને નશામુક્ત બનાવવાની પ્રતિજ્ઞા લઈને પરામર્શનું સમાપનકરવામાં આવ્યું હતું.

રાનકુવા હાઈસ્કૂલ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ભાગ લેશે

કમલમ્ન્યુઝ,મયુરપટેલ
સ્કૂલ ગેમ્સમાં અંડર ૧૪/૧૭/૧૯ ભાઈઓ/બહેનોની સ્પર્ધામાં રાનકુવાહાઈસ્કૂલ કબડ્ડી તાલુકા કક્ષાએ ૧૫૭ વિદ્યાર્થીઓને જિલ્લા કક્ષાએ ૪૪ વિદ્યાર્થીઓ વિજેતા બની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ભાગ લેશે સમૂહ રમતમાં અંડર-૧૯ જિલ્લાકક્ષાએવિજેતા ૪ ખેલાડી રાજ્યકક્ષાની ટીમમાં સ્થાન મેળવ્યુ. શાળાકીય રમતોત્સવ અંડર ૧૪/૧૭/૧૯ ભાઈઓ/બહેનોની વર્ષ-૨૦૨૩-૨૪ તાલુકા કક્ષાની રમતનું આયોજન કાંગવઈ શાળા ખાતે અને જિલ્લાકક્ષાની સ્પર્ધા મદ્રેસા હાઈસ્કૂલ નવસારી ખાતે તારીખ ૨૨-૦૮-૨૦૨૩ થી ૦૨-૦૯-૨૦૨૩ સુધી સંપન્ન થઈ.રમતમાં આ સ્પર્ધા વિદ્યાર્થીઓમાટે ખૂબ જ મહત્વ ધરાવે છે રમતમાં રાજ્યકક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને નોકરીમાં જોગવાઈ કરેલ છે. નવસારી જિલ્લામાં આ સ્પર્ધા સંપન્ન થઈ ચીખલી તાલુકાના કાંગવઈ ખાતે યોજાયેલ આ સ્પર્ધામાંશ્રી બી.એલ. પટેલ સર્વ વિદ્યામંદિર રાનકુવામાં શાળાના શિક્ષક વિજયસિંહ પઢિયાર અને ખુશબુબેન પરમાર દ્વારા ૧૫૭વિદ્યાર્થીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા શાળા દ્વારા ગોળાફેક, બરછીફેક, દોડ, ભાલાફેક, ઉંચીકૂદ, લંગડી ફાળકૂદ, હુડલ્સજેવી રમતમાં ૧૫૭ બાળકો મેદાનમાં ઉતર્યા. સમૂહ રમતમાં શાળાની બહેનોની અંડર-૧૯ની ટીમ જિલ્લાકક્ષાએ વિજેતાથઈ આ ઉપરોક્ત ૪ ખેલાડી કબડ્ડીમાં નવસારી જિલ્લાની ટીમમાં સમાવેશ પામ્યા. એથ્લેટિક્સની રમતમાં શાળાના વિદ્યાર્થીઓ છવાઈ ગયા જિલ્લાકક્ષાએ ૧૮ વિદ્યાર્થીઓ વિજેતા બની રાજ્યકક્ષાએ ભાગલેશે. કરાટેમાં શાળાનો વિદ્યાર્થી પટેલ દિશાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ કરાટે-૧ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. રમતગમતક્ષેત્રેનવસારી જિલ્લામાં આકર્ષક દેખાવ હતા સંચાલકમંડળ, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.રાજેશ્રી ટંડેલ દ્વારા શાળાના રમતવીરોને અભિનંદન પાઠવ્યા શાળા માટે ગૌરવવંતરમતોત્સવ રહ્યો.

અંકલેશ્વર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચેરમેન અને વાઈસ ચેરમેન ની વરણી કરાઈ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ
અંકલેશ્વર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ નીયોજાયેલ ચૂંટણી બાદ ચેરમેન અને વાઈસ ચેરમેન ની વરણી કરવામાં આવી હતી જેમાંચેરમેનતરીકે મુકેશપટેલ અને વાઈસ ચેરમેન તરીકે ઠાકોરભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતીતેઓને સભાસદો અને સહકારી મંડળી ના સભ્યો અને ભાજપ નાઆગેવાનો એવરણી ને આવકારી હતીઅંકલેશ્વર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની ખેડૂત વિભાગ ની ૧૦, વેપારી વિભાગ ની ૪ અને સહકરી મંડળી ની ૧ બેઠક મળીકુલ ૧૫બેઠકની જુલાઈ માસ માં યોજાયેલ ચૂંટણી માં વર્તમાન ચેરમેનકરસનભાઈ પટેલ ની પેનલ બિનહરીફ જાહેર થઈ હતી જેમાં ચેરમેન અને વાઈસ ચેરમેન નીવરણી અંગેગુરુવાર ના રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના હોલ ખાતે ચૂંટણી અધિકારી અને વડોદરા સહકરી મંડળીઓના જિલ્લા રજીસ્ટાર નીલમબેન ચાવડા ની અધ્યક્ષતા હેઠળ સભાસદો ની મિટિંગ યોજાય હતી આ મિટિંગ માં ચેરમેન તરીકે મુકેશભાઈ કરસનભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે ઠાકોરભાઈ પટેલે ફોર્મ ભર્યુ હતું જો કે તેમની સામે કોઈ ફોર્મ ન ભરાતા ચૂંટણી અધિકારી નીલમબેન ચાવડા એ મુકેશ પટેલને ચેરમેન તરીકે અને ઠાકોરભાઈ પટેલ નેવાઈસ ચેરમેન તરીકે જાહેર કર્યા હતા સર્વાનુમતે ચેરમેન અને વાઈસ ચેરમેન ની વરણી થતા સભાસદો ,વિવિધ મંડળી ના સભ્યો અને ભાજપ ના આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે એપીએમસી ના પૂર્વ ચેરમેન કરસનભાઈ પટેલ સહીત ના ભાજપ ના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા

મહુવા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન ભવ: આરોગ્ય મેળો યોજાયો

કમલમ્ન્યુઝ,મયુરપટેલ
આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ મહુવા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર મહુવા ખાતે આયુષ્માન ભવઃ આરોગ્ય મેળાનુ આયોજન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી,સુરતના માર્ગદર્શન હેઠળ તથા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, અનેસા.આ.કેન્દ્ર ના અધિક્ષકશ્રી અને પ્રા.આ.કેન્દ્ર ના સ્ટાફ સંકલન થીઆયુષ્માન ભવઃ આરોગ્ય મેળો યોજાયેલ હતો.આ કાર્યક્રમ ઉપસ્થિત મહેમાન મહુવા તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી, શીલાબેન પટેલ. ઉપ પ્રમુખશ્રી,ચેતનભાઈ મિસ્ત્રી, તાલુકાના દંડક કોશિકાબેન પટેલ તાલુકા મહુવા ભાજપ સંગઠન પ્રમુખશ્રી હિતેશભાઈ નાયક,તથા આગેવાનશ્રીજયમીનભાઈ ઢોડીયા તથા ગામના મહાનુભાવો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ હેલ્થ મેળામાં વિવિધ આરોગ્ય વિભાગના નિષ્ણાંતોદ્વારા આરોગ્ય તપાસ તથા સારવાર આપવામાં આવી હતી..જેમાતાલુકાના વિવિધ ગામોમાથી ૨૦૬ લાભાર્થીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો.

મહુવા તાલુકાના બામણીયા ગામમા બ્લોકના કામનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

કમલમ્ન્યુઝ,મયુરપટેલ
મહુવા તાલુકાના બામણીયા ગામે વોર્ડ નંબર -૮ મા બ્લોકના કામનું ઉદઘાટન કરવામાં આવ્યું.. જેમાં મહુવા તાલુકા યુવા પ્રમુખ ઘનશ્યામ ગરાસીયા, બામણીયા ગામ ના સરપંચ શ્રી સોનલબેન તેજસભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ કલ્પેશભાઈ પરસોતમભાઈ ભૈયા, વોર્ડ નાસભ્ય ઈલાબેન નિલેશ ભાઈ ગરાસીયા, સાગરભાઈ રમેશભાઈ પાટીલ તેમજ અન્ય ગ્રામજનો ઉપસ્થિતરહ્યા હતા.

પ્રધાનમંત્રીઅને વિશ્વ નેતા શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાંભારત સરકાર દ્વારા સંસદમાં "નારી શક્તિ વંદન અધિનિયમ-૨૦૨૩" રેકોર્ડ બહુમતીથી પાસ કરાવાયું

કમલમ્ ન્યુઝ,
તારીખ ૧૯ સપ્ટેમ્બર , મંગળવાર ના રોજ લોકસભામાં ભારત સરકાર દ્વારા "નારી શક્તિ વંદન અધિનિયમ-૨૦૨૩" રજુ કરવામાં આવ્યું હતું જે સંસદમાં આજે સશક્ત ચર્ચા વિચારણાઓ બાદભારે બહુમતીથીપાસ કરવામાં આવ્યું હતું. આબિલમાં લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩% આરક્ષણની જોગવાઈ કરવામાં આવી છે .આ એક ઐતિહાસિક બિલ બની રહેશે જે મહિલાઓને નાકેવળ જનપ્રતિનિધિ ભાગીદારીમાં ૩૩% પ્રતિનિધિત્વ આપશે પણ આ બિલથી મહિલાઓનું સશક્તિકરણ પણ થશે. આ બિલપાસ થતા ભારતીય જનતાપાર્ટી સુરત મહાનગર દ્વારા આજરોજ શહેરના પ્રત્યેક વોર્ડમાં ફટાકડા ફોડી મોઢું મીઠું કરાવી અત્યંતખુશી વ્યક્તકરવામાંઆવી હતી.

ભારતીય જનતા પાર્ટી , સુરત મહાનગર પરિવાર દ્વારા લોકસભામાં આબિલ રજુ થવાની ખુશીમાં પંડિત દીનદયાળ ભવન , ઉધના, મુખ્ય કાર્યાલય ખાતે પણ ફટાકડા ફોડીઅને મ્હો મીઠું કરાવી ઉજવણીકરવામાં આવીહતી. જેમાં શહેર અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મહામંત્રી શ્રી ઓ શ્રી મુકેશભાઈ દલાલ, શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રી કાળુભાઈ ભીમનાથ ધારાસભ્ય શ્રીઓ શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રી મનુભાઈ પટેલ, શ્રી સંદીપભાઈ દેસાઈ સાથે સંગઠનના સહુ પદાધિકારી શ્રીઓ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ શ્રી શારદાબેન પટેલ નું લોકસભા માં મહિલા આરક્ષણ બિલ ના સમર્થન માં વ્યકતવ્ય

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ.
ગુજરાત ના ૨૬ સંસદસભ્યો માંથી એક માત્ર શારદાબેન પટેલ ને મહિલા તરીકે સંસદમાં મહિલા અનામત બિલ વિશે પોતાના વિચારો રજૂ કરવાનો મળ્યો મોકો. આપણુંબંધારણ ભારતનાનાગરિકો માટે સમાન તકો માટે કહે છે.આજે મહિલાઓપણ દરેક ક્ષેત્રમાં પોતાનું કર્તવ્ય નિભાવી રહી છે. એ જ રીતે મહિલાઓ એ પણ દેશના સર્વાંગી વિકાસ માટે લોકશાહીમાં યોગદાન આપ્યું છે. આપણા યશસ્વી વડા પ્રધાને નવા સંસદ ભવનના પહેલા જ દિવસે વિધાનસભા અને લોકસભામાં મહિલાઓ માટે ૩૩% અનામત માટેના બિલ ને મંજૂરી આપી દીધીછે. આ એક ઐતિહાસિકનિર્ણય છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસથી આપણે આ દેશને વિશ્વમાં નંબર વન બનાવીશું અને આ નિર્ણય તે દિશામાં એક પગલું છે. આ બિલ આવવાથી આ ગૃહ માંઅને રાજ્ય સરકારો માંમહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે, તેની સાથે મહિલાઓની જવાબદારીઓ પણ વધશે.

હું દરેક પક્ષને કહેવા માંગુ છું કે તમે સક્ષમ અને શિક્ષિતમહિલાઓને પસંદ કરો અને તેમને રાજ્ય અને કેન્દ્રમાં મોકલો. આપણે મહિલાઓ એ પણ સમજવું પડશેકે તમારેતમારી ક્ષમતાઅનુસાર તમારા ક્ષેત્રનો વિકાસકરવો જોઈએ. આ દેશના બંધારણે હવે તમને આ સત્તા આપી છે. આજે, એક મહિલાતરીકે, હું માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીજીનો આભાર માનવા માંગુ છું અને તમામ પક્ષોને વિનંતી કરવા માંગુ છું કે તેઓ તેમના વિસ્તારની સક્ષમ અને યુવા મહિલાઓને પ્રતિનિધિત્વ કરવા અને રાજકારણ કરવાનીતક આપે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028